સૌરાષ્ટ્ર સમાચાર
ભાવનગર, સોમવાર, 1 સપ્ટેમ્બર, 2025 | 2

### સભાસદોને ગિફ્ટ સાથે 10% ડિવિડન્ડ જાહેર

# ભાવ. નાગરિક બેન્કની ડિપોઝીટ 22 કરોડ વધી

ભાવનગર | 31 ઓગસ્ટ

ભાવનગર નાગરિક સહકારી બેંકની 71મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી જેમાં પહેલગામ ખાતે આતંકવાદી હુમલામાં મૃતકો તેમજ અવસાન પામેલા સભાસદોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ભાજપના બે વર્ષના શાસનમાં બેંકની ડિપોઝિટમાં 22 કરોડ જેવો વધારો થયો છે લોનમાં પાંચ કરોડ જેવો વધારો થયો છે અને અ•નપીએમાં 5.70% જેવો ઘટાડો થયો છે.

બેંકમાં પરચુરણ ખર્ચ, લીગલ ખર્ચ જેવા અન્ય ખર્ચાઓમાં 50% નો ઘટાડો થયો છે. સભાસદોને ગિફ્ટ તેમજ 10% નું ડિવિડન્ડ જાહેર કરાયું છે ભાવનગરની નામાંકિત હોસ્પિટલો, લેબોરેટરી, મેડિકલ સ્ટોર સાથે ટાઈ અપ કરી સારવારમાં સભાસદો તથા તેમના પરિવારજનોને લાભ મળે તેવું આયોજન કરાયું તેમજ મૃત્યુ પામેલા સભ્યોને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી હતી. બેંકના સોફ્ટવેર અપગ્રેડ કરવામાં આવ્યા છે. ગંગાજળિયા તળાવ શાખાને રિનોવેશન કરાયો તેમજ સરદારનગર શાખાને કાળીયાબીડ વિસ્તારમાં ફેરવીને સુવિધાયુક્ત બનાવવામાં આવી છે. દરેક શાખામાં લોકરનો વધારો કરવામાં આવ્યો છે તેમ ચેરમેન પ્રભાતસિંહ ગોહિલે જણાવ્યું હતું. આજની સભામાં બેન્કના પૂર્વ હોદ્દેદાર ભરત કોટીલાએ નાણાકીય બાબતો અને 10 કરોડના પ્રોવિઝન બાબતે ચર્ચા શરુ કરતા બીજેપીના સમર્થક એવા અન્ય લોકોએ એમને ચર્ચા કરવા ન દીધી હતી એમ પૂર્વ એમ.ડી. દર્શનાબહેન જોષીએ જણાવ્યું હતુ.